## આજની નવલી નવરાત

- સેકટર-૩-ન્યુ નવરાત્રી ચોકમાં ચોસઠ મ્યુઝિકલ ગૃપના કિશનભાઈ બારોટ રાસ ગરબાની રમઝટ કરાવશે.
- સેકટર-૩-બી નવરાત્રી ચોકમાં નાગેશ્વરી કલાવૃંદ રાસ ગરબાની ધૂમ મચાવશે.
- સેકટર-૫-સી નવરાત્રી ચોક ખાતે ગણેશ કલાવૃંદના વિપુલ સોલંકી ખેલૈયાઓને ઢોલે રમાડશે.
- કલ્ચરલ ફોરમ ગાંધીનગર બાલનગરી ગ્રાઉન્ડ સેકટર-૬ ખાતે અમિત ઠકકર, દિપ્તી દેસાઈ રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સેકટર-૮ એકતા ચોકમાં રામદેવ કલાવૃંદ રાસ ગરબાની મોજ કરાવશે.
- સે-૧૭ નવરાત્રી ચોકમાં અમદાવાદના જય પટેલ ગૃપ ખેલૈયાઓને ગરબાની મોજ કરાવશે.
- સેકટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં ઝનકાર ગૃપના આરતી ઠકકર રાસ ગરબાની રમઝટ કરાવશે.
- સરઢવ વારાહી ચોકમાં અમદાવાદના કોમલ આર્ટ ગરબામાં રમઝટ કરાવશે.
- સરઢવ માંડવી ચોકમાં પાલનપુર અલંકાર ગૃપના અર્જુન ઠાકોર, મીના ઠાકોર ગરબાની મોજ કરાવશે.

### આજે સે. ૧૭માં મહાઆરતી યોજાશે

સેકટર-૧૭માં આવેલ સ્વામિ વિવેકાનદ સંસ્કાર તપોવન ખાતે આજે સાતમા નોરતે મહાઆરતી યોજવામાં આવશે. મહા આરતીનું આયોજન તપોવનમાં રહેતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગરની જનતાને દર્શનનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું છે.

### કૈયલમાં આનંદનો ગરબો

મેલડી-આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજે બુધવારે બપોરે ૨ થી ૬ વાગે ઓમ ભગવતી શ્રી મેલડી માતાજી મંદિર કૈયલ નંદાસણ ચોકડી ખાતે યોજવામાં આવશે.

### ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ગુરૂવારે યોજાશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૨-૧૦-૨૦૧૪ને ગુરૂવારના રોજ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પલેક્ષ, બીજે માળ, સેક્ટર-૨૨ ખાતે બપોરે ૪.૦૦ વાગે મળશે. આ બેઠકમાં ૭૫ વર્ષ પૂર્ણ કરેલ પેન્શનર સમાજના સભ્યશ્રીઓનું સન્માન કરવાના કાર્યક્રમનું આયોજન કરવા બાબત ચર્ચા વિચારણા થશે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર ફાયર સ્ટેશનમાં ફાયર ઓફિસર મહેશ મોડની આગેવાનીમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ફાયર સ્ટેશનમાં રહેલી ગંદકીને જવાનો દ્વારા દુર કરવામાં આવી હતી. ઠેર ઠેર પડેલ નકામી વસ્તુઓને દુર કરી યોગ્ય સફાઈ કરવામાં આવી હતી. આ શ્રમ યજ્ઞમાં ફાયર સ્ટેશનના તમામ કર્મચારીઓ જોડાયા હતા.

# દ્વારકેશ રેસીડેન્સીમાં સાંબેલા રાસ, નવરંગ ગરબા યોજાશે

ગાંધીનગર, તા.૩૦

પાટણ જિલ્લાના શિહોરી ગામના ખ્યાતનામ માઈભક્ત કલાકાર આદરણીય જેરામ ભગત અને તેમના મંડળના નવ બેડા રાસ, સાંબેલા રાસ અને નવરંગ ગરબાનો અદભુત કાર્યક્રમ ગાંધીનગરનાં ક રોડ પરની દ્વારકેશ સોસાયટીમાં તા. ૧-૧૦-૨૦૧૪નાં રોજ સાતમે નોરતે સાંજે ૯.૩૦ વાગે યોજાશે ઉલ્લેખનીય છે કે દ્વારકેશ સોસાયટીમાં કોઈ પણ પ્રકારની બોલી ઉછામણી,જાહેરાત વગર ભકિત ભાવનાથી નવરાત્રી પર્વ ઉજવાય છે. જેમાં દરરોજ સામુહિક રાસ ગરબાની રમઝટ સહીત નવ નોરતામાં ઉપવાસ કરનારા સોસાયટીનાં રહીશોનું સન્માન પણ કરવામાં આવે છે.

# ચિલોડા પોલીસ સ્ટેશનના નવા બિલ્ડીંગનું લોકાર્પણ

## મહિલા લોકઅપ સહિતની વ્યવસ્થા : ત્રણ સીસીટીવી કેમેરા લગાવાયા



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લાના ચિલોડા પોલીસ સ્ટેશન બે વર્ષથી વધુ સમયથી ચોકીના મકાનમાં કાર્યરત પોલીસ સ્ટેશનનું નવુ બિલ્ડીંગ તૈયાર થઈ જતાં આજે ગૃહમંત્રીની ઉપસ્થિતિમાં નવા બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ચિલોડા પોલીસ સ્ટેશનના નવા બિલ્ડીંગમાં પ્રવેશદ્વાર, લોકઅપ અને પીએસઓ રૂમમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે.

ચિલોડા પોલીસ સ્ટેશનના નવા બિલ્ડીંગના આજે કરાયેલા લોકાર્પણ સમારોહમાં ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલ, ગૃહ સચિવ એસ.કે. નંદા તથા રેન્જ ડીઆઈજીપી રાજીવ રંજન ભગત અને ડીએસપી શરદ સિંઘલ સહીતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંદાજે રૂ. ૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલા બિલ્ડીંગમાં મહિલા લોકઅપ, કોમ્પ્યુટર રૂમ, મુદ્દામાલ સાચવવાનો રૂમ સહિતની વિવિધ વ્યવસ્થાઓ છે તે ઉપરાંત ત્રણ સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. નોંધનીય બાબત એ છે કે સામાન્ય રીતે મહેમાનોનું સ્વાગત તમામ કાર્યક્રમોમાં પુષ્પગુચ્છથી થતુ હોય છે. પરંતુ આ સમારોહમાં કઠોળના પેકીંગથી સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.

# ધોળાકુવાના યુવાને આબેહૂબ અદ્‌ભૂત પાવાગઢ બનાવ્યો

## મહાકાળી મંદિર, યજ્ઞશાળા, શંખમંદિર, વાવ, રાજમહેલો, ઋષિકુટિર, શાળા, રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ્સ, ટ્રાફિક સિગ્નલ, ઝરણા, પર્વતો, જંગલો વગેરેનું આબેહૂબ સર્જન કર્યું છે : નકામી વસ્તુઓના ઉપયોગ દ્વારા સુંદર સર્જનાત્મકતા થકી આદ્યશક્તિની આરાધનાનું અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યું છે





ગાંધીનગર, તા. ૩૦

સમગ્ર ગાંધીનગરમાં નવરાત્રીનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે અને અબાલવૃદ્ધ સૌ કોઈ આ લોકપર્વતને મન ભરીને માણી રહ્યાં છે. નવરાત્રીમાં એક તરફ મા આદ્યશક્તિ જગદંબાની ઉપાસના માટે શ્રદ્ધાળુઓ ઉપવાસ, જપ અને હવન-અનુષ્ઠાન વગેરે કરી રહ્યા છે. તો બીજી તરફ માતાજીના ગરબે ઘુમી ખેલૈયાઓ આ શક્તિ પર્વને ઉજવી રહ્યા છે. આ નવરાત્રીમાં બાળકો પણ પોતાની સર્જનશક્તિ દ્વારા 'ગબ્બર' કે 'પાવાગઢ બનાવી મહોલ્લામાં માતાની સ્થાપના કરી ભક્તિસંસ્કારના પાઠ ભણી રહ્યા છે. ગાંધીનગરના પાદરે આવેલ ધોળાકુવા ગામે યુવાનો છેલ્લા અમુક વર્ષોથી અદ્‌ભૂત 'પાવાગઢ' બનાવે છે, આ વર્ષે પણ આ યુવાનોએ ત્રણ-ત્રણ મહિનાની મહેનત દ્વારા નયનરમ્ય પાવાગઢ બનાવ્યો છે જેમાં તેમની સર્જનશક્તિ પૂરબહારમાં ખિલેલી દેખાઈ આવે છે.



ખોબા જેવડા ધોળાકુવા ગામમાં આવેલ બળિયાદેવ મંદિરની સામે આ અનન્ય કલાકૃતિસમો પાવાગઢ બનાવવામાં આવ્યો છે. જેમાં મહાકાળી માતાજીના મંદિરથી લઈને ઋષિ આશ્રમો, રાજ મહેલ, વાવ, શંખ મંદિર, યજ્ઞશાળા, વાંસની ઝુંપડીઓ, ગામ, શાળા, રોડ-રસ્તા અને સર્કલો ઉપરાંત સતત ચાલતો રોપવે પણ બનાવવામાં આવ્યો છે. આ પાવાગઢના પર્વતનું આબેહૂબ દૃશ્ય જોનારની નજરો સમક્ષ ખડુ થાય તે રીતે જંગલો, પર્વતો, ઝરણાં, ધોધ, પાણીની કેનાલો, વૃક્ષો પર પક્ષીઓના માળા, માળામાં ઈંડા સેવતા પક્ષીઓ, મોર, કાબર, બુલબુલ જેવા અનેક પક્ષીઓ, જંગલી જાનવરો અને કુદરતી ઢોળાવો તૈયાર કરાયા છે.

અહીં નાનકડુ ગામ પણ નબાવાયું છે. તેમજ સ્ટ્રીટલાઈટ્સ પણ લગાડવામાં આવી છે, આબેહૂબ રોડ-રસ્તા, મોટા સર્કલો અને તેના વચ્ચે ટેબ્લો, મંદિરો વિવિધ કામ કરતા, રસ્તે ચાલતા માણસો, યજ્ઞ કરતા ઋષિઓ, પનિહારીઓ, ગરબે ઘુમતી સ્ત્રીઓ, ખેતીકામ કરતા ખેડૂતો-મજૂરો, ગાડુ ચલાવતા ગ્રામજન વગેરે અઢળક સરર્જન સર્જિત કરવામાં આવ્યું છે. વીજ ડીપી અને લાઈટના થાંભલા, ટ્રાફિક સિગ્નલ્સ, મોટરકારો, ૧૦૮ એમ્બ્યુલન્સ, ખિલખિલાટ વાન, નદી પરના પુલ, સોલર લાઈટ્સ દ્વારા સમગ્ર વિસ્તારનું આબેહૂબ મોડલ બનાવાયું છે અને રાજમહેલો, અડાલજની વાવ જેવી નયનરમ્ય વાવ, કોબા સર્કલે આવેલ શંખ મંદિર જેવું જ મંદિર અને વાંસની ઝુંપડીઓ દ્વારા તળેટીથી લઈને શિખર પર આવેલ મુખ્ય મંદિર સુધીનો ખૂબજ આકર્ષક વિસ્તાર બનાવાયો છે. આ

● અનુસંધાન પાના - ૭ પર

# વાવોલની સોસાયટીઓમાં નવરાત્રીનો રંગ જામ્યો

## પેનડ્રાઈવના સહારે ડીજે સંગીતના માહોલમાં અદ્યતન મ્યુઝીક સીસ્ટમમાં ખેલૈયાઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી : બારના ટકોરે ગરબા બંધ કર્યા પછી નાસ્તા-પાણીની જયાફતો કરવામાં આવે છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલમાં



(તસવીર : કમલેશ શાહ)

આકાર પામેલ વિવિધ ટેનામેન્ટ્સ અને ફલેટોની સોસાયટીઓમાં નવરાત્રીનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું છે. અહીં વસાહતીઓ દ્વારા પારિવારીક માહોલમાં નવરાત્રી ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. અને ગરબા પત્યા પછી નાસ્તા પાણી જયાફ્તો પણ ઉડી રહી છે.

વાવોલમાં અનેક સોસાયટીઓમાં આ વર્ષે ગરબાના આયોજન હાથ ધરાયાં છે. અહીં જુની સોસાયટીઓ અંકુર, વિજય, મેહુલ પાર્ક, ગ્રીનસીટી, કેશવપાર્ક અને કિર્તિધામ ઉપરાંત નવી બનેલી સોસાયટીઓ જેવી કે હરિનગર, શાલીન-૪ ફ્લેટ, સંકલ્પ રોયલ બંગ્લોઝ, શુભમ એપાર્ટમેન્ટ, વૈદેહી, શાલ્વિક હોમ્સ, શાલ્વિક શુકન, સંકલ્પ રેસિડેન્ટી, શાંતિનગર વગેરેમાં પણ નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સોસાયટીઓમાં મોટે ભાગે કોમન પ્લોટમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે અને માતાજીનું નાનુ મંદિર બનાવીને તેની ફરતે મંડળ બનાવી વિવિધ એલઈડી લાઈટીંગથી સુંદર અનાવરો કરવામાં આવી છે. અહીંની સોસાયટીઓમાં મોટે ભાગે પેન ડ્રાઈવના સથવારે આધુનિક સાઉન્ડ સીસ્ટમમાં નોન-સ્ટોપ ગરબા વગાડાય છે જેના કારણે ખેલૈયાઓને ડીજે સંગીત જેવો માહોલ મળી રહ્યો છે. વળી, આ સોસાયટીઓમાં મોટે ભાગે સભ્યો તેમના પરિવાર સાથે એકબીજા સાથે હળીમળીને ગરબા રમતા હોવાથી સંપૂર્ણપણે પારિવારિત માહોલ સર્જાય છે. બાળકોથી માંડીને વડીલો સુધીના દરેક ખેલૈયાઓ અહીં નિશ્ચિંતપણે ગરબા રમી રહ્યા છે અને રાસની રમઝટ મચી રહી છે.

આ સોસાયટીઓમાં એક નવી પ્રથા મુજબ રાસ-ગરબા પત્યા પછી રોજે રોજ ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હોય છે જેના કારણે સૌ કોઈ અંત સુધી ગરબામાં હાજર રહે છે. સરકારના જાહેરનામા મુજબ અહીં બારના ટકોરે



ગરબા બંધ કરી દેવાય છે ત્યાર પછી આ નાસ્તા પાણીનો કાર્યક્રમ કરવામાં આવે છે. કેટલીક સોસાયટીઓમાં નાસ્તા અમુક સેવાભાવી ભક્તો તરફથી ઓફરકરવામાં આવે છે. જાહેર કેટલીક સોસાયટીઓ નવરાત્રી માટે ઉઘરાવેલા ફંડમાંથી આયોજકો દ્વારા જ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. શાલીન-૪ ફ્લેટમાં યુવાનોએ રાસ ગરબાની જોરદાર રમઝટ જમાવી હતી. બાજુમાં આવેલ સંકલ્પ રોયલ રમઝટ જમાવી હતી. બાજુમાં આવેલ સંકલ્પ રોયલ બંગલોમાં પણ ખેલૈયાઓ ખૂબ જ મસ્તીથી ગરબે ઘુમ્યા હતા. શાલ્વિન હોમ્સમાં આયોજિત નવરાત્રી મહોત્સવમાં સોસાયટીના સભ્યોએ શાંતિપૂર્ણ રીતે ગરબા રમીને આદ્યશક્તિ નવદુર્ગાની આરાધના કરી હતી. હરિનગર સોસાયટીમાં પણ મોટી સંખ્યામાં લોકોએ નવરાત્રી મહોત્સવમાં ભાગ લીધો હતો.

### સંકલ્પ રોયલ બંગ્લોઝમાં વાનગી સ્પર્ધા યોજાઈ

વાવોલ સંકલ્પ રોયલ ખાતે આજે નવરાત્રી પર્વને ધ્યાને રાખી પી.એચ.સી. આદરજ અને સોસાયટીના સંયુક્ત ઉપક્રમે વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

આ સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક શ્રીમતિ જ્યોતિકાબેન કોઠારીને, દ્વિતીય પારિતોષિક શ્રીમતિ ઈશાનીબેન રાવલ અને તૃતિય પારિતોષિક શ્રીમતિ જશોદાબેન જાનીને ફાળે ગયું છે.

આ સ્પર્ધા નિમિત્તે નિર્ણાયક તરીકે રાજ્ય ન્યુટ્રીશ્યન સેલના ડૉ. રાઠોડ તેમજ રાજ્ય ન્યુટ્રીશ્યન સેલના કનસલટન્ટ અલ્પાબેને હાજરી આપી હતી. સોસાયટીના રહીશોએ આનંદથી માણી હતી.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૨
સૂર્યાસ્ત : ૬.૨૬

### તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૬૨ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૨ :
ખૂબસૂરત : ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
ડિલીવર અસ ફ્રોમ એવિલ (અંગ્રેજી) : ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
ખૂબસૂરત : ૧૦.૦૦
દાવત એ ઈશ્ક : ૧૨.૧૫, ૭.૪૫
૩ એ.એમ. : ૨.૩૦
બે યાર (ગુજરાતી) : ૫.૦૦
ડેસી કટ્ટે : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
૩ એ.એમ. : ૧૦.૦૦
ડેસી કટ્ટે : ૧૨.૩૦, ૬.૩૦
ખૂબસૂરત : ૩.૩૦
દાવત એ ઈશ્ક : ૧૦.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ડેસી કટ્ટે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
૩ એ.એમ. : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :
બલવિંદરસિંઘ ફેમસ હો ગયા : ૧૦.૦૦, ૭.૦૦
દાવત એ ઈશ્ક : ૧.૦૦
૩ એ.એમ. : ૪.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણઓમાં વિશેષ કાર્ય થશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો.શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધર્મ-કર્મમાં ખર્ચ થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. ઠાકોર રૂપાજી માધાજી (ઉ.વ.૯૫) મુ. ધોળાકુવા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. રાણા શાંતાબા ભીખુજી (ઉ.વ.૬૬) મુ. લીંબોદરા, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ભવાનીશંકર પ્રાણશંકર બાવા (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૭૮૬/૨, સેકટર-૭બી, ગાંધીનગર